# યુએસ, ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ વચ્ચે કરાર

**ડોનાલ્ડ** ટ્રમ્પના દબાણ બાદ ગ્રીનલેન્ડ પર સાર્વભૌમત્વ જાળવીને નવો કરાર કરવામાં આવ્યો

## ગ્રીનલેન્ડ સુરક્ષા કરારના મુખ્ય મુદ્દા

- » ગ્રીનલેન્ડ ડેનમાર્કના સંપ્રભુ નિયંત્રણ હેઠળ રહેશે
- » અમેરિકા ગ્રીનલેન્ડમાં 2 નવા મુખ્ય લશ્કરી બેઝનું નિર્માણ કરશે
- » આર્ક્ટિક ક્ષેત્રમાં ચીન અને રશિયાના વધતા પ્રભાવને રોકવાનો મુખ્ય હેતુ

(એપી) સંયુક્ત રાષ્ટ્ર, તા. 22: સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠક દરમિયાન અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આર્ક્ટિક અને નોર્થ એટલાન્ટિક ક્ષેત્રની સુરક્ષા મજબૂત કરવાના હેતુથી ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ સાથે એક મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરારથી ગ્રીનલેન્ડને અમેરિકાનો ભાગ બનાવવાની ટ્રમ્પની વારંવારની માગણીથી સર્જાયેલું રાજકીય તણાવ હળવું થયું છે. નવા કરાર હેઠળ ગ્રીનલેન્ડ ડેનમાર્કના નિયંત્રણ હેઠળ જ રહેશે, પરંતુ ત્યાં અમેરિકા પોતાની લશ્કરી ક્ષમતાઓમાં વધારો કરશે. ટ્રમ્પે જાહેરાત કરી હતી કે અમેરિકા ગ્રીનલેન્ડમાં યોગ્ય સ્થળોએ પોતાની લશ્કરી હાજરી વધારશે અને બે મોટા લશ્કરી બેઝ તૈયાર કરશે. અગાઉ ટ્રમ્પે ચીન કે રશિયાના પ્રભાવને રોકવા માટે ગ્રીનલેન્ડ પર કબજો કરવાની ચીમકી આપી હતી, જેનાથી નાટો સહયોગી ડેનમાર્ક અને યુરોપિયન યુનિયન સાથેના સંબંધોમાં તણાવ ઉત્પન્ન થયો હતો. ડેનમાર્કના વડા પ્રધાન મેટે ફ્રેડરિક્સેન અને ગ્રીનલેન્ડના વડા પ્રધાન જેન્સ-ફ્રેડરિક નીલસેને આ કરારને બંને દેશો અને નાટો ગઠબંધન માટે ફાયદાકારક ગણાવ્યો છે. ગ્રીનલેન્ડમાં હાલ અમેરિકાનું પિતુફિક સ્પેસ બેઝ આવેલું છે, જે મિસાઈલ ચેતવણી અને સ્પેસ સર્વેલન્સ માટે કામ કરે છે. જોકે, નિષ્ણાતોના મતે આ કરારથી સાર્વભૌમત્વ બચી ગયું છે, પરંતુ અમેરિકા અને યુરોપિયન દેશો વચ્ચે ઘટેલો વિશ્વાસ પુનઃસ્થાપિત થવામાં દાયકાઓ લાગશે.



# જાપાનમાં 'ડુજુઆન' વાવાઝોડાને લીધે ભૂરસ્ખલનમાં 4નાં મોત

**ભારે** વરસાદ અને પૂરને કારણે 45,000 ઘરોમાં વીજળી ગુલ થઈ

**ભારે** વરસાદથી પૂરની સ્થિતિ વચ્ચે 6 લોકો લાપતા

ટોક્યો, તા. 22: જાપાનના પ્રશાંત મહાસાગર કાંઠે ત્રાટકેલા શક્તિશાળી 'ડુજુઆન' વાવાઝોડાને કારણે થયેલા ભૂરસ્ખલનમાં 4 લોકોનાં મોત થયાં છે અને 6 લોકો લાપતા છે. જાહેર પ્રસારણકર્તા એનએચકેના અહેવાલ મુજબ, આ વાવાઝોડા અને ભારે વરસાદને કારણે આશરે 45,000 ઘરોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે.

કાંતો વિસ્તારના યોકોસુકા શહેરમાં ભૂરસ્ખલન થતાં કાચા મકાનમાં માટી ધસી આવવાથી એક મહિલાનું મોત થયું હતું, જ્યારે કનાગાવા અને ચિબા વિસ્તારમાં અન્ય ત્રણ લોકોનાં મોત થયાં છે. પાટનગર ટોક્યોના દક્ષિણમાં આવેલા મિયુરા શહેરમાં રાહત અને બચાવ ટુકડીઓ મકાન પર ધસી આવેલો કાટમાળ હટાવીને લાપતા લોકોની શોધખોળ કરી રહી છે.

ટોક્યો ઈલેક્ટ્રિક પાવર કંપનીના જણાવ્યા મુજબ, વિસ્તારના હજારો ઘરો અંધારપટમાં ગરકાવ થઈ ગયા છે. ચિબાના સાકુરા શહેરમાં નદીઓ છલકાઈ જતાં રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. પૂર્વ એશિયાથી લઈને ઉત્તર અમેરિકા અને યુરોપ સુધી ગ્લોબલ વોર્મિંગના કારણે ચાલુ વર્ષે ભારે અતિવૃષ્ટિ અને વાવાઝોડાની ઘટનાઓમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે.

# ૩૫ની સબસિડી છતાં દેશમાં કાંદાના ઉંચા ભાવો યથાવત

**બફર** સ્ટોકમાંથી ડુંગળી છૂટી કરીને સરકારે પસંદગીના મોટા શહેરોમાં રૂ. ૩૫ પ્રતિ કિલોના ભાવે વેચાણ શરૂ કર્યું છે

**સરકારના** આ પગલાં છતાં દિલ્હીમાં કાંદાનો ભાવ રૂ. ૫૩ અને મુંબઇમાં ૫૮ઃ સરકારના આ આંકડા કરતા પણ અનેક સ્થળે ખરેખરા ભાવ ઓર ઉંચા

નવી દિલ્હી, તા. ૨૨(PTI): સરકાર દ્વારા પોતાના બફર સ્ટોકમાંથી રૂ. ૩૫ પ્રતિ કિલોના સબસિડીવાળા દરે રસોડાની આ મહત્વની વસ્તુ વેચવાના પગલાં છતાં, મંગળવારે દેશના મહાનગરોના છૂટક બજારોમાં ડુંગળીના ભાવ પ્રતિ કિલો રૂ. ૫૩ થી રૂ. ૬૦ ની વચ્ચે ઊંચા સ્તરે રહ્યા હતા.

ગ્રાહક બાબતોના મંત્રાલયના ડેટા અનુસાર, મહાનગરોમાં, દિલ્હીમાં ડુંગળી રૂ. ૫૩ પ્રતિ કિલો વેચાઈ હતી - જે મુંબઈના રૂ. ૫૮ પ્રતિ કિલો કરતાં થોડી ઓછી હતી - જ્યારે કોલકાતા અને ચેન્નાઈમાં સૌથી વધુ રૂ. ૬૦ પ્રતિ કિલોનો દર નોંધાયો હતો. ૨૨ સપ્ટેમ્બરે સમગ્ર ભારતમાં ડુંગળીનો સરેરાશ છૂટક ભાવ રૂ. ૫૪.૨ પ્રતિ કિલો રહ્યો હતો. તેનો મહત્તમ ભાવ રૂ. ૧૦૦ પ્રતિ કિલો નોંધાયો હતો, જ્યારે લઘુત્તમ ભાવ રૂ. ૨૯ પ્રતિ કિલો હતો. જો કે, ખાનગી વેપારના આંકડા દર્શાવે છે કે છૂટક ભાવ મંત્રાલયના આંકડા કરતાં નોંધપાત્ર રીતે વધુ ચાલી રહ્યા હતા. ઉદાહરણ તરીકે દિલ્હીમાં, રાષ્ટ્રીય રાજધાની માટે મંત્રાલય દ્વારા દર્શાવાયેલા રૂ. ૫૩ પ્રતિ કિલોના દર સામે, ગુણવત્તા અને વિસ્તાર મુજબ ડુંગળી રૂ. ૬૦-૭૦ પ્રતિ કિલોના દાયરામાં વેચાઈ હોવાના અહેવાલ હતા.

# ૮૪ વર્ષીય ગ્રેનાઈટ ટાયકૂનની કાળી કરતૂતોનો ખુલાસો

**પોક્સો** કેસમાં પકડાયેલા ઉદ્યોગપતિ વીરામણીએ બીજી પણ અનેક મહિલાઓને ભોગ બનાવી હોવાની માહિતી

**તમિલનાડુના** એપ્સ્ટીન તરીકે ઓળખાવા માંડેલા વીરામણીએ પોતે બાળકી હતી ત્યારે પોતાનું શોષણ કર્યું હોવાની મહિલાની ફરિયાદ

**વીરામણીના** ભૂતપૂર્વ કર્મચારીની વીડિયો સંતાડી રાખવા બદલ ધરપકડ

ચેન્નાઇ, તા. ૨૨: ગ્રેનાઈટ ઉદ્યોગપતિ આર. વીરામણી સામેનો પોક્સો કેસ તમિલનાડુની સૌથી મોટી જાતીય બાળ જાતીય શોષણની તપાસમાં ફેરવાયો છે. જેમાં સગીર વયે શોષણનો ભોગ બનેલી બહુવિધ મહિલાઓની ઓળખ થઈ છે અને શરૂઆતની પોલીસ તપાસની કામગીરી સામે પણ સવાલો ઉભા થઈ રહ્યા છે. જેમને "તમિલનાડુના એપ્સટીન" તરીકે ઓળખાવવામાં આવ્યા છે, તે જીઇએમ ગ્રુપ ઓફ કંપનીઝના ચેરમેન વીરામણીની ઓગસ્ટના અંતમાં ધરપકડ કરવામાં આવી હતી. તપાસકર્તાઓ ચેન્નાઈમાં ભાડે રાખેલા એક ઘરની તપાસ કરી રહ્યા છે, જેનો કથિત રીતે સગીર છોકરીઓનું જાતીય શોષણ કરવા માટે ઉપયોગ કરવામાં આવતો હતો. પીડિતોમાંથી એક, શાંતિ, જે પાછળથી આરોપીની સહાયક બની હતી, તેણે એક નિવેદનમાં આક્ષેપ કર્યો હતો કે જ્યારે તે લગભગ ૧૩ વર્ષની હતી ત્યારે વીરામણીએ તેની જાતીય હેરાનગતિ કરવાનું શરૂ કર્યું હતું. "હું ખૂબ નાની હતી, લગભગ ૧૩ વર્ષની, તેથી તેનો ખરાબ ઈરાદો સમજવા જેટલી મારામાં પરિપક્વતા નહોતી. હું અજાણતા જ તેની ક્રૂર જાતીય વાસનાનો ભોગ બની રહી હતી," તેણે આક્ષેપ કર્યો. બીજી પણ કેટલીક મહિલાઓને વીરામણીએ અગાઉ ભોગ બનાવી હોવાની માહિતી બહાર આવી હોવાના અહેવાલ છે. દરમ્યાન, સેન્ટ્રલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે મંગળવારે ઉદ્યોગપતિ આર વીરામણી સામેના POCSO કેસના સંદર્ભમાં 'જેમ ગ્રેનાઈટ્સ'ના ભૂતપૂર્વ કર્મચારી ગણેશનની ધરપકડ કરી હતી.

# હલકી ગુણવત્તાના સ્માર્ટફોન સ્ક્રીન પ્રોટેક્ટર્સ પર સરકારે પ્રતિબંધ મૂક્યો

**સ્ક્રીન** પ્રોટેક્ટર્સની ગુણવત્તા અંગેના નવા નિયમો બહાર પાડ્યા, ૧ એપ્રિલ, ૨૦૨૭થી અમલી બનશે

નવી દિલ્હી, તા. ૨૨: ભારત સરકારે ગુણવત્તાના ધોરણો પૂરા ન કરતા નબળી ગુણવત્તાવાળા સ્માર્ટફોન સ્ક્રીન પ્રોટેક્ટરના વેચાણ પર રોક લગાવવા માટે નવા નિયમો બહાર પાડ્યા છે. આ નવા આદેશ હેઠળ, એપ્રિલ ૨૦૨૭થી તમામ સ્ક્રીન પ્રોટેક્ટર્સે નિર્ધારિત ભારતીય ધોરણોનું પાલન કરવું ફરજિયાત રહેશે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય દ્વારા સ્માર્ટફોન સ્ક્રીન પ્રોટેક્ટરને બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટેન્ડર્ડ્સ(BIS)ના ફરજિયાત નોંધણી માળખા હેઠળ લાવવામાં આવ્યા છે. ૨૧ સપ્ટેમ્બરના રોજ જાહેર કરાયેલા નોટિફિકેશન અનુસાર, કેન્દ્ર સરકારે ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુઓ માટેના ફરજિયાત નોંધણી માળખામાં સ્માર્ટફોન માટેના સ્ક્રીન પ્રોટેક્ટરનો સમાવેશ કર્યો છે. ૧ એપ્રિલ, ૨૦૨૭થી ભારતમાં તમામ ઉત્પાદકો અને આયાતકારોએ પોતાના સ્ક્રીન પ્રોટેક્ટર ભારતમાં વેચતા પહેલાં BIS સ્ટાન્ડર્ડ IS 19348:2025નું પાલન કરવું પડશે.

નવું IS 19348:2025 સ્ટાન્ડર્ડ કાચના સ્ક્રીન પ્રોટેક્ટર માટે ગુણવત્તા અને પરીક્ષણ સંબંધિત જરૂરી નિયમો નક્કી કરે છે. આમાં કાચની ગુણવત્તા જેમાં સાઈઝ/કદ, કાચની મજબૂતી અને સપાટીની ગુણવત્તા સંબંધિત શરતો. લાઈટ ટ્રાન્સમિશનના નિયમો વધારાની સુવિધાઓ જેવી કે એડહેસિવ, એન્ટી-શેટર ફિલ્મ, આંગળીના ડાઘ ન પડે તે માટેની વ્યવસ્થા, એન્ટી-ગ્લેર, બ્લુ-લાઈટ ફિલ્ટરિંગ અને પ્રાઈવસી ફિલ્મ અંગેના નિયમોનો સમાવેશ થાય છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### ભાષણ વખતે...

માટે ન્યૂયોર્કમાં છે, પરંતુ તેઓ ટ્રમ્પના ભાષણ માટે જનરલ એસેમ્બલી હોલમાં આવ્યા નહોતા. તેના બદલે, જ્યારે તેમણે બોલવાનું શરૂ કર્યું ત્યારે નીચલા સ્તરના કર્મચારીઓ અને પ્રતિનિધિઓ બેઠા હતા, પરંતુ તેમના ભાષણની ૧૦ મિનિટમાં જ તેઓ પણ બહાર નીકળી ગયા હતા.

### રાષ્ટ્રીય ફિલ્મ...

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા સૂચવવામાં આવેલા દેશના પ્રમુખ પ્રવાસન સ્થળો પર યોજાશે. મંત્રીએ રાજ્યોને શ્રેષ્ઠ પ્રવાસન સ્થળોના પ્રસ્તાવ મોકલવા આહ્વાન કર્યું હતું. વિરોધ પક્ષો દ્વારા સમારંભ સ્થળ બદલવા અંગે કરાયેલી ટીકાઓ સામે તેમણે સંકુચિત રાજકારણથી ઉપર ઉઠીને રાષ્ટ્રહિતને પ્રથમ પ્રાથમિકતા આપવા અપીલ કરી હતી.

### અનંત નાગને...

રાજકુમાર પેરિયાસામીને શ્રેષ્ઠ દિગ્દર્શકનો એવોર્ડ મળ્યો હતો. જ્યારે અભિનેતામાંથી દિગ્દર્શક બનેલા રણદીપ હૂડાને તેમની ફિલ્મ 'સ્વાતંત્ર્ય વીર સાવરકર' માટે શ્રેષ્ઠ ડેબ્યૂ ડિરેક્ટરનો પુરસ્કાર એનાયત કરાયો હતો. ગુજરાતી સિનેમા ક્ષેત્રે અભિષેક જૈન દિગ્દર્શિત ફિલ્મ 'મારણ'ને શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મનો રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

### ટ્રમ્પે AIને....

ખતરો હોવાની ચેતવણી આપનારા લોકો એ જ છે, જેઓ તેમના રશિયન કાવતરા સાથે જોડાયેલા હોવાનો દાવો કરતા હતા. અમે સુપર ઇન્ટેલિજન્સને પ્રોત્સાહન આપીશું. અમે AI પર વધુ નિયંત્રણો કે રોક નહીં લગાવીએ.

### ટ્રમ્પે ભારત-પાક....

મને મોટું સન્માન મળ્યું છે, અને આમ કરીને, તેમાંથી ઘણા દેશોના નેતાઓ સાથે મિત્રતા કેળવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. આ કરવું એ મારા માટે બહુ મોટું સન્માન હતું. આમાંના ઘણા યુદ્ધો તો વર્ષો અને દાયકાઓથી ચાલી રહ્યા હતા," એમ ટ્રમ્પે યુએનજીએના ૮૧મા સત્રની સામાન્ય ચર્ચામાં પોતાના સંબોધનમાં જણાવ્યું હતું. તેમણે કહ્યું કે તેઓ આ "ઉકેલ લાવવામાં" સક્ષમ બન્યા તેનું કારણ તેમના "ખાસ સંબંધો", વેપાર, ટેરિફનો ઉપયોગ તેમજ તેની ધમકી અને દેશના આધારે અન્ય વિવિધ કારણો હતા. અમેરિકી પ્રમુખે કહ્યું, "પાકિસ્તાનના વડા પ્રધાન, અદ્ભુત વ્યક્તિ છે, તેમણે કહ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પને ૩ કરોડ લોકોના અને સંભવતઃ તેનાથી પણ વધુ લોકોના જીવ બચાવવા માટે યશ જાય છે."

### યુક્રેન યુદ્ધ...

અને ભારતનો પણ સમાવેશ થાય છે-પર ૧૦૦ ટકા સુધીની ભારે જકાત લાદવાની સત્તા આપે છે. તેમનો દાવો છે કે આ વેપાર યુક્રેનમાં યુદ્ધ માટે ભંડોળ પૂરું પાડવાનો એક મુખ્ય સ્રોત રહ્યો છે. યુએન જનરલ એસેમ્બલીના ૮૧મા સત્રને સંબોધતા ટ્રમ્પે કહ્યું, અમે રશિયા અને યુક્રેન વચ્ચેના વિનાશક યુદ્ધનો અંત લાવવાનો પ્રયાસ ચાલુ રાખ્યો છે, જેમાં દર મહિને હજારો લોકો માર્યા જઈ રહ્યા છે. ટ્રમ્પે કહ્યું, "ગયા અઠવાડિયે, સેનેટર લિન્ડસી ગ્રેહામના સન્માનમાં, મેં કોંગ્રેસ દ્વારા પસાર કરવામાં આવેલા એક શક્તિશાળી નવા કાયદા પર હસ્તાક્ષર કર્યા જે મને વિશાળ નવી જકાત સત્તાઓ આપે છે - અને જો જરૂર પડશે, તો હું તેનો ઉપયોગ કરીશ." તેમણે ઉમેર્યું, હવે આ કતલ અટકાવવાનો સમય આવી ગયો છે.

### ધાર્મિક આધારે...

રીતે ઉભા રહ્યા હતા. સુપ્રીમે તે સમયે તેમની સજા રદ કરી હતી. જો કે સુપ્રીમ કોર્ટે આ ગીતની બે પંક્તિઓ ગવાવી જોઈએ કે તમામ છ પંક્તિઓ તે નક્કી કરવાનું ટાળ્યું હતું. એ કેસમાં, અદાલતે તે શાળાના બાળકોનું રક્ષણ કર્યું હતું જેમણે ધાર્મિક માન્યતાના આધારે આદરપૂર્વક રાષ્ટ્રગીત ગાવાનો ઇનકાર કર્યો હતો. જસ્ટિસ બાગચીએ કહ્યું, "રાષ્ટ્રીય ગાન કયું છે તે અંગે કોઈ વિવાદ નથી. લોકશાહી રાજ્ય માટે એ નક્કી કરવાનું છે કે રાષ્ટ્રીય ગાન કયું રહેશે–બે કડીઓ કે ચાર કડીઓ. પરંતુ જે વ્યક્તિને અનુચ્છેદ ૨૫ અને ૨૬ ના અધિકારો(ધાર્મિક સ્વતંત્રતાનો મૂળભૂત અધિકાર)નું ઉલ્લંઘન લાગતું હોય અથવા જે વિવેકબુદ્ધિથી વિરોધ કરનાર હોય, તેને શિક્ષાત્મક પરિણામો ભોગવવા ન પડે." સુધારેલી કલમ ૩ હેઠળ, જે પણ વ્યક્તિ રાષ્ટ્રગીત અથવા રાષ્ટ્રીય ગાન ગવાતું અટકાવે છે અથવા આવું ગાન ગાઈ રહેલી સભામાં ખલેલ પહોંચાડે છે, તેને ત્રણ વર્ષ સુધીની કેદ, અથવા દંડ, અથવા બંને સજાની જોગવાઈ છે.

### દિલ્હી ડાયરી...

આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને તેમના પત્ની, દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા, દિલ્હીના પૂર્વ મંત્રી કૈલાસ ગહેલોત અને નવી દિલ્હી મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા લોકસભા સાંસદ બાંસુરી સ્વરાજ સામેલ છે. દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારી (સીઈઓ)એ ગઇ કાલે સ્પષ્ટ કર્યું હતું કે, નોટિસો મળવાનો અર્થ એ નથી કે મતદારનું નામ મતદાર યાદીમાંથી રદ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું, "ઈસીઆઈએનઈટીમાં તેમનો ડેટા સુધારવા માટે ઉપરોક્ત શ્રેણીઓ માટે સિસ્ટમ-જનરેટેડ નોટિસો જારી કરવામાં આવી રહી છે."

#### વાયએસઆર કોંગ્રેસની દિલ્હી ઓફિસમાં ફેરફારો

આંધ્ર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વાય.એસ. જગન મોહન રેડ્ડીના નેતૃત્વ હેઠળની વાયએસઆર કોંગ્રેસની સેન્ટ્રલ દિલ્હી સ્થિત ઓફિસમાં ચૂપચાપ થઈ રહેલા નવીનીકરણને લઈને નવી દિલ્હીના રાજકીય કોરિડોરમાં ચર્ચાઓ પૂરજોશમાં છે. તેમણે તેમના પિતા (જેઓ હવાઈ અકસ્માતમાં અવસાન પામેલા પૂર્વ મુખ્યમંત્રી હતા) રાજશેખર રેડ્ડીના અવસાન બાદ આ પાર્ટીની સ્થાપના કરી હતી. પક્ષની નજીકના સૂત્રોએ જણાવ્યું કે, ભાજપની આગેવાની હેઠળના શાસક નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ) સાથે અહેવાલો મુજબના સંબંધો બગડ્યા પછી જગન રેડ્ડીના જૂથે પોતાની ટીમ કામે લગાડી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે જગન રેડ્ડીની પાર્ટીને હરાવીને મુખ્યમંત્રી બનેલા એન. ચંદ્રબાબુ નાઈડુની આગેવાની હેઠળની તેલુગુ દેશમ પાર્ટીને એનડીએમાં સામેલ કર્યા પછી તેમણે ગઠબંધન છોડી દીધું હતું. જગન રેડ્ડીના એનડીએ સાથેના સંબંધો તોડ્યા પછી તેની પહેલી ચીજ જે બદલી એ રંગ હતો. વાયએસઆર કોંગ્રેસની ઓફિસના સ્થળથી પરિચિત લોકોના જણાવ્યા અનુસાર, ગઠબંધન સમયે લટકતા ભગવા રંગના પડદાઓ ઉતારવામાં આવી રહ્યા છે. તેના સ્થાને આયોજકો વાદળી રંગની સજાવટ કરી રહ્યા હોવાનું કહેવાય છે, પાર્ટીના આંતરિક સૂત્રોનું કહેવું છે કે તે માત્ર એક સામાન્ય ફેરફાર છે.

### યુએનને સંબોધનમાં...

પછી સમજૂતી થવાની ધારણા પણ વ્યક્ત કરી હતી. મંગળવારે સંયુક્ત રાષ્ટ્ર સામાન્ય સભાને સંબોધિત કરતી વખતે, ટ્રમ્પે ઈરાન સામે બે વિકલ્પો રજૂ કર્યા: કાં તો એવી સમજૂતી જે તેને પુનઃનિર્માણની તક આપે, અથવા તો વધુ અમેરિકી સૈન્ય કાર્યવાહી. ટ્રમ્પે પ્રશ્ન કર્યો, "શું હું ઈસ્લામિક રિપબ્લિકનો નાશ કરું અને તે પણ ઝડપથી? અથવા, શું હું તેમને નરકમાં ધકેલી દઉં જ્યાં તેમના બચવાની કોઈ તક ન રહે અને ભવિષ્યની મહાનતા કે પેઢીઓની કોઈ આશા ન રહે?" આ ધમકીઓ છતાં, તેમણે કહ્યું: "મને વિશ્વાસ છે કે ચૂંટણી પછી તરત જ આપણે એક સમજૂતી કરી લઈશું." ટ્રમ્પે જણાવ્યું હતું કે, વાટાઘાટો ફરી શરૂ કરવી કે નહીં તેનો નિર્ણય લેતા પહેલાં તેહરાન એ જોવા માંગે છે કે મધ્યસત્ર ચૂંટણીમાં તેમની રિપબ્લિકન પાર્ટીનું પ્રદર્શન કેવું રહે છે. તેમણે કહ્યું, "તેઓ એ જોવા માટે રાહ જોઈ રહ્યા છે કે મધ્યસત્ર ચૂંટણીમાં મારૂં પ્રદર્શન કેવું રહે છે." ટ્રમ્પે દેશોને તેહરાન પર દબાણ જાળવી રાખવા વિનંતી કરી હતી અને ઈરાનને અટુલુ પાડી દેવા વિનંતી કરી હતી.

### CNNના રિપોર્ટરને જોઇને ટ્રમ્પ ભડક્યા

જ્યારે ટ્રમ્પ UN પહોંચ્યા, ત્યારે ટ્રમ્પે પત્રકારો સાથે ટૂંકમાં વાત કરી અને વિશ્વ સંસ્થાને સંબોધિત કરવાને પોતાનું સન્માન ગણાવ્યું, પરંતુ તે પછી અચાનક મીડિયા તરફની તેમની નારાજગી જાગી ઉઠી હતી. પત્રકારોના ટોળામાં CNNના એક રિપોર્ટરને જોઇને અમેરિકી પ્રમુખ ચિડાયા હતા. ટ્રમ્પે કહ્યું, મને આશ્ચર્ય થાય છે કે CNN મારું કવરેજ કરવા માટે અહીં છે. તમારે અહીં હોવું જોઈએ નહીં!

### અમેરિકા પાસે ઘણો દારૂગોળો હોવાની ડંફાસ મારી

તેમણે કહ્યું, "અમારી પાસે જેટલો દારૂગોળો છે તેટલો તો અમે ક્યારેય વાપરવાનું વિચારી પણ શકીએ નહીં," તેમણે ઉમેર્યું કે અમેરિકા હથિયારોનું ઉત્પાદન વધારી રહ્યું છે અને નવા પ્લાન્ટ બનાવી રહ્યું છે.


**Muthoot Homefin**
**Muthoot Homefin (India) Ltd.**
CIN: U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસઃ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિ., ૧૯/ઈ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ પાસે, દાદર વેસ્ટ, મુંબઈ - ૪૦૦૦૨૮.
શાખા ઓફિસઃ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિ., ૫૦૩, સેફાયર બિઝનેસ હબ, એલ.પી. સવાણી રોડ, મધુવન સર્કલ અડાજણ પાસે, સુરત, ગુજરાત - ૩૯૫૦૦૯.

પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6) ની જોગવાઈ જુઓ]
**પ્રાઇવેટ ટ્રીટી કમ વેચાણ માટે જાહેર નોટિસ**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિ.ના અધિકૃત અધિકારી દ્વારા અહીં નીચે જણાવેલ સિક્યોર્ડ એસેટનો કબજો લીધા પછી બોરોઅર/ઓ પાસેથી લેણી નીકળતી રકમની વસૂલાત માટે અહી સહી કરનાર દ્વારા અહી નીચે જણાવેલ સ્થાવર મિલકત ખરીદવા માટે સીલબંધ કવરમાં ઓફરો આમંત્રિત કરવામાં આવે છે, જે સિક્યોર્ડ ક્રેડિટરના કબજામાં છે, જે "જેમ છે જ્યાં છે", "જેમ છે જેવું છે" અને "જે કંઈ પણ છે તે ધોરણે" પર છે, જેની વિગતો નીચે મુજબ આપેલ છે:-

| અનુ. નં. | બોરોઅર(ઓ)/ કો-બોરોઅર(ઓ)/ ગેરેન્ટર(ઓ) / લોન એકાઉન્ટ નં. / શાખા | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | રિઝર્વ પ્રાઇસ | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (RP ના 10%) |
|---|---|---|---|---|---|
| 1. | કુસુમાદેવી દેવીચરણ સિંઘ/ વિકાસ દેવીચરણ સિંઘ/ 004-0000507/ સુરત | 28-ફેબ્રુઆરી-2026 રૂ. 10,17,219/- (રૂપિયા દસ લાખ સત્તર હજાર બસો ઓગણીસ પૂરા) | સ્થાવર મિલકત, પ્લોટ નં: 48નું પરિસર (કેએલપી નવો બ્લોક નં. 286/A/48 મુજબ) જેનું ક્ષેત્રફળ 62.16 ચો. વાર એટલે કે 91.97 ચો. મીટર છે. રોડ અને કોપમાં 40.87 ચો. મીટર અવિભાજિત હિસ્સા સાથે, "રઘુનાથ રેસિડેન્સી", ગુજરાત રાજ્ય, સુરત જિલ્લો, ઓલપાડ સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકાના મોજેઃ મુળદ ગામમાં આવેલી જમીન પર વિકસાવવામાં આવેલ, જેનો રેવેન્યુ સર્વે નં. 207/1, 212, 213, બ્લોક નં. 286/A છે, જેનું ક્ષેત્રફળ હેક્ટર-આરે 1-96-54 ચો. મી. એટલે કે 19654.00 ચો. મીટર, બિનખેતી (N.A.) જમીન પૈકી છે. પૂર્વમાંઃ સંલગ્ન પ્લોટ નં. 49, પશ્ચિમમાંઃ સંલગ્ન પ્લોટ નં. 47, ઉત્તરમાંઃ સંલગ્ન પ્લોટ નં. 37, દક્ષિણમાંઃ સંલગ્ન સોસાયટીનો આંતરિક રોડ | રૂ. 6,50,000/- (રૂપિયા છ લાખ પચાસ હજાર પૂરા) | રૂ. 65,000/- (રૂપિયા પાંચસઠ હજાર પૂરા) |

1. હરાજી "જેમ છે જ્યાં છે" અને "જેમ છે જેવું છે"ના ધોરણે યોજવામાં આવી રહી છે.
2. હરાજી વેચાણના વિગતવાર નિયમો અને શરતો નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સામેલ છે, જે ઉપર દર્શાવેલ પ્રાદેશિક/શાખા ઓફિસમાં ઉપલબ્ધ છે.
3. નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બીડ/ઓફર જમા કરાવવાની છેલ્લી તારીખ EMD સાથે, જે 'મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિ.'ના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવાપાત્ર રહેશે, અને KYC સાથે 13-ઓક્ટોબર-2026ના રોજ સાંજે 04:00 વાગ્યા સુધી ઉપર દર્શાવેલ પ્રાદેશિક ઓફિસના સરનામે રહેશે. અહીં આપેલ છેલ્લી તારીખ પછી મળેલા ટેન્ડર/ઓફર અમાન્ય ગણાશે અને રદ કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતની તપાસની તારીખ 12-ઓક્ટોબર-2026ના રોજ બપોરે 01:00 વાગ્યાથી બપોરે 03:00 વાગ્યા સુધી છે.
5. મિલકત માટે બીડ/ઓફર હરાજી ખોલવાની તારીખ 14-ઓક્ટોબર-2026ના રોજ બપોરે 01:00 વાગ્યે અધિકૃત અધિકારી દ્વારા ઉપર દર્શાવેલ શાખા ઓફિસના સરનામે છે.
6. MHIL કોઈપણ બાકી સ્ટેચ્યુટરી નોટિસ અને બોજાઓ/વેરા વગેરેની ચૂકવણી માટે જવાબદાર રહેશે નહીં. જો કોઈ હોય તો સફળ હરાજી ખરીદદારે આ રકમ ચૂકવવાની રહેશે. ઈચ્છુક બોલી લગાવનારે મિલકતના ટાઇટલ અંગે પોતાની સ્વતંત્ર તપાસ કરવી જોઈએ અને પોતાની જાતે ખાતરી કરી લેવી જોઈએ.
7. સૌથી વધુ બોલી લગાવનાર MHILની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી કોઈપણ કારણ દર્શાવ્યા વિના મળેલી તમામ અથવા કોઈપણ ઓફર/બોલી સ્વીકારવાનો કે અસ્વીકાર કરવાનો અધિકાર અનામત રાખે છે. તેમનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.
8. બોરોઅર(ઓ)/ગેરેન્ટર(ઓ)ને સરફેસી એક્ટ, 2002ની 15 દિવસની વેચાણ નોટિસ દ્વારા ઉપર જણાવ્યા મુજબની રકમ હરાજીની તારીખ પહેલા ચૂકવવા માટે જણાવવામાં આવે છે, જેમાં નિષ્ફળ જતાં સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકી રકમ, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો બોરોઅર વેચાણની તારીખ પહેલાં મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિ.ને પૂરેપૂરી રકમ ચૂકવી દે છે, તો હરાજી રદ કરવામાં આવશે.

વધુ વિગતો માટે, ઉપર જણાવેલ ઓફિસ સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિ- અમર પાટીલ- 9737057744
તારીખઃ 23 સપ્ટેમ્બર, 2026, સ્થળઃ સુરત
સહી/- અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ



DGVCL
**દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ**
CIN U40102GJ2003SGC042909
બારડોલી (સં. અને નિ) વિભાગીય કચેરી
૬૬ કે.વી.એસ.એસ. કંપાઉન્ડ, સુરત-બારડોલી રોડ, ને.હા.નં.-૬, બારડોલી-૩૯૪૬૦૧
ટોલ ફ્રી નંઃ ૧૯૧૨૩ (કે ૧૮૦૦-૨૩૩-૩૦૦૩)
DGVCL

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

આથી અમારા માનવંત ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ ૬૬ કેવી સબ-સ્ટેશનોમાંથી નીચે જણાવેલ ૧૧ કેવી ફીડરો ઉપર જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે દર્શાવેલ તારીખ અને સમય દરમિયાન વીજ પુરવઠો મળી શકશે નહીં, કામગીરી પૂરી થયે કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

| અ. નં | સબ સ્ટેશનનું નામ | ફીડરનું નામ | પેટા વિભાગીય કચેરી | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ | વાર | સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બારડોલી | ૧૧ કેવી બાબેન જેજીવાય | બારડોલી ગ્રામ્ય | ૯૯૮૦૮૦૩૮૬૧ | ૨૪.૦૯.૨૦૨૬ | ગુરુવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૨ | બારડોલી | ૧૧ કેવી ઉમરાખ એજી | બારડોલી ગ્રામ્ય | ૯૯૮૦૮૦૩૮૬૧ | ૨૪.૦૯.૨૦૨૬ | ગુરુવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૩ | મોતા | ૧૧ કેવી વિધ્યા ભારતી જેજીવાય | બારડોલી ગ્રામ્ય | ૯૯૮૦૮૦૩૮૬૧ | ૨૪.૦૯.૨૦૨૬ | ગુરુવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |
| ૪ | મોતા | ૧૧ કેવી રામપુરા એજી | બારડોલી ગ્રામ્ય | ૯૯૮૦૮૦૩૮૬૧ | ૨૪.૦૯.૨૦૨૬ | ગુરુવાર | ૦૯:૦૦ થી ૧૬:૦૦ |

નોંધઃ ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠકઃ દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ
કાર્યપાલક ઈજનેર (સં. અને નિ.), બારડોલી વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.
એમ.સી.બી/ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો



**પશ્ચિમ રેલવે**
**રિપેરિંગ વર્ક**
ડિવિઝનલ રેલવે મેનેજર (WA), વેસ્ટર્ન રેલવે, 6ઠ્ઠો માળ, એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ 400 008 નીચે મુજબના ટેન્ડર આમંત્રિત કરે છેઃ ક્રમ નં. 1, ટેન્ડર નોટિસ નંઃ BCT/26-27/157 તારીખઃ 18.09.2026કામ અને સ્થળઃ SSE(Br) લોઅર પરેલના કાર્યક્ષેત્ર હેઠળ સ્ટેશન વચ્ચેઃ માહિમથી વિલે-પાર્લે સહિત બાંદ્રા ટર્મિનસ કનેક્શન પર આવેલ FOBની સીડીના લેન્ડિંગ, છત અને પગથિયાંનું રિપેરિંગ કામ. કામનો અંદાજિત ખર્ચઃ રૂ.2,03,95,683.46 EMD: રૂ.4,07,900/ ક્રમ નં. 2, ટેન્ડર નોટિસ નંઃ BCT/26-27/158 તારીખઃ 18.09.2026 કામ અને સ્થળઃ SSE(Br) બોરીવલીના કાર્યક્ષેત્ર હેઠળ બોરીવલી-વિરાર સેક્શનમાં FOB પર OHE પ્રોટેક્શન સ્ક્રીનનું રિપેરિંગ કામ.કામનો અંદાજિત ખર્ચઃ રૂ.2,11,51,362/- EMD: રૂ.4,23,000/- બંને ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમયઃ 16.10.2026, 15.00 કલાક સુધી. બંને ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ 16.10.2026ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 0620
અમને ફોલો કરોઃ X.com/WesternRly



**Muthoot Homefin**
**મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ**
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. ૧૯-એનઈ, ૧૯મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર-૪૦૦ ૦૨૮

**કબજા નોટિસ** (સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮(૧) સાથે વંચાણે લેતા પરિશિષ્ટ IV મુજબ)
આથી નીચે સહી કરનાર, 'સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨નો ૫૪)' હેઠળ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ (MHIL)ના અધિકૃત અધિકારી હોવાના નાતે અને 'સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨'ના નિયમ ૩ સાથે વંચાણે લેતા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલ સત્તાઓની રૂએ, કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં નીચે જણાવેલ દેવાદાર(રો)/જામીનદાર(રો)ને સદર નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં દર્શાવેલ રકમ ચૂકવી આપવા માટે ડિમાન્ડ નોટિસ(ઓ) ઈશ્યુ કરવામાં આવી હતી. દેવાદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી દેવાદાર(રો)/સહ-દેવાદાર(રો)/ જામીનદાર(રો) અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સદર એક્ટની કલમ ૧૩(૪) હેઠળ મળેલ સત્તાઓની રૂએ 'સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨'ના નિયમ ૮ સાથે વંચાણે લેતા નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધેલ છે. ખાસ કરીને દેવાદારને અને સામાન્ય રીતે જાહેર જનતાને આથી મિલકત સાથે કોઈ પણ વ્યવહાર ન કરવા માટે ચેતવણી આપવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના અહીં નીચે જણાવેલ વ્યાજ સહિતની રકમના બોજાને આધીન રહેશે.
સિક્યોર્ડ એસેટ્સ પરત મેળવવા માટે ઉપલબ્ધ સમય સંદર્ભે એક્ટની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ દેવાદારનું ધ્યાન દોરવામાં આવે છે.

| ક્રમ | દેવાદાર(રો)/સહ-દેવાદાર(રો)/ ખાતા નંબર/શાખાનું નામ | સિક્યોર્ડ એસેટ્સની ટૂંકી વિગત | ડિમાન્ડ નોટિસની તારીખ અને કુલ બાકી નીકળતી રકમ (રૂ.) | કબજો લીધાની તારીખ |
|---|---|---|---|---|
| 1. | શ્રીકૃષ્ણ ભગવાનભાઈ નિમજે / ચંદાબેન ભગવાન નિમજે 004-00406186 / સુરત | જમીન તથા રસ્તા સહિતની તમામ મિલકત, જેનું કુલ ક્ષેત્રફળ ૭૬.૧૩ ચો.મીટર છે, જે "શ્રી મહાવીર સોસાયટી" માં આવેલ છે, મોજે સચિન ગામ, તાલુકો ચોર્યાસી, જીલ્લો સુરત. રેવન્યુ સર્વે નંબર ૧૯૩/૨ અને ૨૧૯, બ્લોક નંબર ૨૨૫-એ, જેનું ક્ષેત્રફળ ૨૩૦૬૭ ચો.મીટર અને ૩૧.૦૦ પૈસા, પ્લોટ નંબર ૩૨ જેનું ક્ષેત્રફળ ૧૨ X ૪૦ ફૂટ એટલે કે ૪૮૦ ચો.ફૂટ એટલે કે ૫૩.૩૩ ચો.વાર એટલે કે ૪૪.૬૦ ચો.મીટર, તથા રસ્તાની જમીનમાં ૩૧.૫૩ ચો.મીટર અવિભક્ત હિસ્સો). ચતુર્સીમાઃ ઉત્તરેઃ રોડ, દક્ષિણેઃ પ્લોટ નંબર ૨૪, પૂર્વેઃ પ્લોટ નંબર ૩૩, પશ્ચિમેઃ પ્લોટ નંબર ૩૧. | ૩૦-માર્ચ-૨૦૨૬ રૂ. ૫,૯૯,૦૭૬/- (રૂપિયા પાંચ લાખ નવ્વાણું હજાર છ્યોતેર પૂરા) | ૨૦-સપ્ટેમ્બર-૨૦૨૬ |
| 2. | જયસિંહ નાનજીભાઈ રાઠોડ / ગીતાબેન જયસિંહ રાઠોડ / 004-00401211 / સુરત | ત્રીજા માળે આવેલ ફ્લેટ નંબર ૩૦૫ વાળી તમામ મિલકત, જેનું ક્ષેત્રફળ ૨૪.૩૪ ચો.મીટર બિલ્ટ-અપ એરિયા, અને ૪૩૧ ચો.ફૂટ સુપર બિલ્ટ-અપ એરિયા, તથા "શિવમ રેસીડેન્સી પાર્ટ-બી" માં રસ્તાની જમીનમાં ૭.૪૬ ચો.મીટર અવિભક્ત હિસ્સો, જે રેવન્યુ સર્વે નંબર ૩૬૦, બ્લોક નંબર ૩૪૭, પૈકી પ્લોટ નંબર ૩૧૩ થી ૩૨૪, મોજે કામરેજ, તાલુકોઃ કામરેજ, જીલ્લોઃ સુરત ખાતે આવેલ છે. ચતુર્સીમાઃ ઉત્તરેઃ A વિંગ, દક્ષિણેઃ C વિંગ, પૂર્વેઃ ખુલ્લો પ્લોટ, પશ્ચિમેઃ રોડ. | ૨૪-એપ્રિલ-૨૦૨૬ રૂ. ૩,૫૪,૫૦૬/- (રૂપિયા ત્રણ લાખ ચોપન હજાર પાંચસો છ પૂરા) | ૨૦-સપ્ટેમ્બર-૨૦૨૬ |

તારીખઃ ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬
સ્થળઃ સુરત
સહી/- અધિકૃત અધિકારી
મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ



**ઈ- ટેન્ડર જાહેર નિવિદા નં -૦૬/૨૦૨૬-૨૭**
**ઉત્તર વન વિભાગ,ડાંગ આહવા.**

આથી રસ ધરાવતા ઈજારદાર/એજન્સીઓને જણાવવામાં આવે છે,કે ઉત્તર ડાંગ વન વિભાગ, કાર્યવિસ્તારમાં સરકારશ્રીની વન અને પર્યાવરણ વિભાગ,ગુજરાત રાજ્ય દ્વારા સંચાલીત રાજ્ય યોજનાઓ અંતર્ગત રોડ રીસર્ફેસીંગની કામગીરી માટે કોંટ્રાક્ટર ની યોગ્ય શ્રેણી ધરાવતા ઈજારદાર પાસેથી ટુ બીડ કવર પદ્ધતીથી ઓનલાઈન www.tender.nProcure.com મારફત વાર્ષિક કોંટ્રાક્ટના ધોરણે ભાવો મંગાવવામાં આવે છે, ટેન્ડર સંબંધીત ફી,બાનાની રકમ,તથા સંલગ્ન દસ્તાવેજો તથા સુચનાઓની વિગતવાર માહીતી ઓનલાઈન પોર્ટલ પરથી જોઈ શકાશે,ટેન્ડર સંબંધીત કોઈપણ સુધારા વધારા ઓનલાઈન જ અપલોડ કરવામાં આવશે.

**કચેરીનું નામ અને સરનામુ..**
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,ઉત્તર વન વિભાગ,ડાંગ આહવા,પેટ્રોલ પંપની સામે, તા.આહવા ,જી.-ડાંગ
પીનઃ૩૯૪૭૧૦
કચેરીનો સંપર્ક નંબરઃ ૦૨૬૩૧-૨૨૦૨૦૩
ક્રમાંકઃ માહિતી/ડાંગ/૧૦૩/૨૦૨૬
નાયબ વન સંરક્ષક
ઉત્તર વિભાગ,ડાંગ આહવા



**VADODARA MUNICIPAL CORPORATION**
www.vmc.gov.in
Office: khanderao Market Building, Raj Mahla Road, Vadodara-390209

**TENDER NOTICE**

Vadodara Municipal Corporation invites EOI to empanel the consultants from experienced and financially sound Agencies for 1)Empanelment of Architects/ Firms With Accomplished experience in Urban Landscape, Public Realm and Place making for Providing professional Consultancy Services for Various, public Space and Urban Beautification Projects in Vadodara. Details of qualification criteria, scope of work, deliverables and other details can be seen on our websites www.vmc.gov.in.

**Submission of EOI:**
1.The EOI Fee shall be Rs. 25,000/- in the form of D.D. issued by any Nationalized Bank/ RBI approved Scheduled Bank only in favour of Municipal Commissioner, Vadodara, for each work separately.2. Agency shall submit their offers in envelopes.

Executive Engineer
PRO No. 424/2026-27 (Futuristic Planning Cell)



FIT INDIA
**જાહેર ચેતવણી**

સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક તથા મશીનહોલની સાફ-સફાઈ મશીનરીઓ દ્વારા જ કરાવવામાં આવે છે. પરંતુ શહેરના છેવાડે આવેલ વિસ્તારોમાં ખાનગી ડ્રેનેજ લાઈનના મેઈનટેનન્સ તથા સેપ્ટીક ટેન્ક ડીસ્લીટીંગ કરવા માટે ખાનગી વ્યક્તિ/સંસ્થાઓ પાસે મેન્યુઅલ (હાથથી) સફાઈની કામગીરી કરાવવામાં આવતી હોવાનું સમાચારોના માધ્યમથી જાણવા મળે છે. આ પ્રકારની કામગીરી માણસો પાસે કરાવવી જોખમી હોય તેમજ તેમાં જાન-માલની સલામતી જોખમાઈ તેમ હોય, સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના છેવાડે આવેલા વિસ્તારોમાં મેન્યુઅલ સ્કેવેન્જીંગ કામગીરી પર સંપૂર્ણ પણે પ્રતિબંધ લાવવા સારું આ પ્રકારની કામગીરી મશીનરી દ્વારા થાય તે સારું નજીકની ઝોન ઓફીસનો સંપર્ક કર્યેથી જુદી જુદી સીવર ક્લીનીંગ મશીનરી ભાડા પેટે ફાળવવામાં આવે છે. જેથી શહેર તેમજ શહેરના છેવાડે આવેલા લોકોને સુરત મહાનગરપાલિકાની આ સુવિધાનો મહત્તમ લાભ લેવા જાહેર અપીલ કરવામાં આવે છે.

નામદાર સુપ્રીમ કોર્ટમાં થયેલ રીટ પીટીશન (સીવીલ) નં. ૫૮૩/૨૦૦૩, તા.૨૭/૦૩/૨૦૧૪ તથા રીટ પીટીશન (સીવીલ) નં. ૩૨૪/૨૦૨૦, તા.૨૦/૧૦/૨૦૨૩ ચુકાદાઓ તથા ધી પ્રોહીબીશન ઓફ એમ્પલોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એક્ટ-૨૦૧૩, મુજબ સુરત શહેરમાં કોઈપણ ડ્રેનેજ ચેમ્બર / મશીનહોલ / ખાળકુવા / સેપ્ટીક ટેન્ક / ભુર્ગભ ગટર વિગેરેમાં સફાઈ કામદારોને ઉતારી મેન્યુઅલ કામગીરી કરવાનું પ્રતિબંધિત હોવા અંગે અવાર નવાર જાહેર ચેતવણી વર્તમાન પત્રોમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે. ઉક્ત કાયદા/ જોગવાઈઓ/સુચનાઓનો ભંગ થયેથી ઉદભવિત પરિસ્થિતિ બાબતે સંપૂર્ણ જવાબદારી કાયદાનો ભંગ કરનાર સંસ્થા / ઈસમોની રહે છે તેમજ ફોજદારી રાહે પગલા ભરવા તથા મરનારના કાયદેસરના વારસદારને ચુકવવા પાત્ર વળતરની સંપુર્ણ રકમ સંબંધિત હોદ્દેદારો/માલિકોએ ભોગવવાની રહે છે. ખાનગી રાહે થતી આવી બિનઅધિકૃત કામગીરી અંગે સુરત મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેતી નથી.

વધુમાં સુરત શહેર હદ વિસ્તારમાં આવેલ જાહેર રોડ રસ્તાઓ પર આવેલ ડ્રેનેજ મશીનહોલ/ સેપ્ટીક ટેંક ના ઢાંકણ અધિકૃત વ્યક્તિ સિવાય ખોલવાની સખત મનાઈ છે તથા આ ચેમ્બરો/ મશીનહોલ/ સેપ્ટીક ટેંકના ઢાંકણ તુટેલ અથવા જર્જરીત અવસ્થામાં જણાય તો તેની ફરીયાદ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર ઓનલાઈન તથા ડ્રેનેજ ચેમ્બર/મશીનહોલ/ખાળકુવા/સેપ્ટીક ટેન્ક/ભુર્ગભ ગટર વિગેરેને લાગત કામગીરી માટે ઈમરજન્સી રીસપોન્સ સેનીટેશન યુનિટ (ERSU) ૨૪ ૭ કાર્યરત હેલ્પલાઈન નં.૧૪૪૨૦ પર ફરીયાદ નોંધાવવી ઉપરાંત ડ્રેનેજ સફાઈ કામગીરી અંગેની વધુ જાણકારી માટે સુરત મહાનગરપાલિકાના મધ્યસ્થ ડ્રેનેજ વિભાગ,તાડવાડી,રાંદેર ખાતેની ઓફીસનો સંપર્ક કરવા તમામ નાગરીકોને અપીલ કરવામાં આવે છે.

નં. પીઆરઓ/૨૪૪/૨૦૨૬-૨૭
તા. ૨૨/૯/૨૦૨૬
મ્યુ. કમિશ્નર
સુરત મહાનગરપાલિકા